ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મીનાક્ષી જયસિંઘાની
લાયોનેસ ક્લબ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## મહર્ષિ ગુરુકુળમાં ફ્રી મૅડિકલ કૅમ્પનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૨૨

મહર્ષિ ગુરુકુળ, બોરીજમાં શનિવારે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઍપોલો હૉસ્પિટલના ડૉક્ટર્સ દ્વારા એ કેમ્પ અંતર્ગત પોતાની નિષ્ણાત તબીબી સેવાઓ આપવામાં આવી હતી. બોરીજના ગ્રામવાસીઓએ આ કૅમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પૂર્વેશભાઈ ખમાર અને બોરીજ ગામના નગરસેવક લલિતાબેન ઠાકોરના વરદ હસ્તે મૅડિકલ કૅમ્પને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં સૌપ્રથમ વખત આજે આર્ચરીની સ્પર્ધા યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

જાણીતી સામાજિક સંસ્થા પ્રતિભા ઍકેડેમી દ્વારા રવિવારે ગાંધીનગર ઈન્ટર સ્કૂલ આર્ચરી ચેમ્પિયનશીપનું આયોજન ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના ડિરેક્ટર ગૌરાંગ રાણાએ જણાવ્યું છે કે સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સવારે ૮ કલાકે અને સમાપન સમારોહ બપોરે ૧૨.૪૫ કલાકે યોજવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે પ્રથમ જ વખત આર્ચરીની ચેમ્પિયનશીપ યોજવામાં આવી છે. નગરના સૌ ખેલપ્રેમીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

### જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગાંધીનગરમાં
# આજે લાઈવ રસોઈ શો અને નાટકનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

જ્યોતિ મહિલા મંડળ દ્વારા વાર્ષિક કાર્યક્રમની ઉજવણી સ્વરૂપે લાઈવ રસોઈ શો અને નાટ્યની પ્રસ્તુતિ યોજવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાનાં પ્રમુખ ડૉ. ચેતના બુચ અને સૅક્રેટરી હર્ષાબા ધાધલે જણાવ્યું છે કે તા. ૨૩ ડિસેમ્બર ને રવિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩માં સ્થિત શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ અંતર્ગત લાઈવ રસોઈ શો-વિસતારી વાનગી સ્પર્ધા અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અંતરે અનંત એકાંત'નું આયોજન કરવામાં આવ્યું છે. ઋચા વૈષ્ણવ, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત દ્વારા આ નાટકમાં અભિનય આપવામાં આવશે.

કાર્યક્રમનાં ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મ્યુનિસિપલ કમિશનર રતનકુંવરબા ગઢવી અને મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારીઝ કેન્દ્ર, ગાંધીનગરનાં કૈલાશદીદી ઉપસ્થિત રહેશે. રસ ધરાવતાં બહેનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે સંસ્થા તરફથી આમંત્રણ પાઠવ્યું છે.

# જીઆઈપીએસમાં 'ક્રીસમસ ડે' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં શનિવારે 'ક્રીસમસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાતાલનું શું મહત્વ છે? અને શા માટે મનાવવામાં આવે છે, તે બાબતે વિદ્યાર્થીઓને માહિતીગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા 'ક્રીસમસ ડે'ની ઉજવણીના ભાગરૂપે નાટક રજૂ કરવામાં આવ્યું હતું અને શાળાના પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓને 'ક્રીસમસ ડે'ની શુભેચ્છાઓ પાઠવી હતી.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત
# ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં રમતગમત દિવસની ઉજવણી





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતે રમગગમત દિવસની ઉજવણી કરવામાં આવીહતી.

આ પ્રસંગે ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ડિલેક્ટર કે પી કાપડિયા, ડિસ્ટ્રીક્ટ ઓફિસર રાકેશભાઈ ચૌધરી, ગાંધીનગરના સિનિયર કોચ સમીરભાઈ પંચાલ, કૌશિકભાઈ ચૌધરી, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ એમ કે ચૌધરી, ટ્રસ્ટી માધુભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, જેસંગભાઈ ચૌધરી તથા કેમ્પસ ડિરેક્ટર યશવંત ચૌધરી, પ્રિન્સિપાલ મયુક જૈન ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક અલગ અલગ રમતોમાં ભાગ લઈ પોતાના ખેલ કૌશલનું પ્રદર્શન કર્યું હતું.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સરદારની પ્રતિમાનું પુનઃસ્થાપન





ગાંધીનગર, તા. ૨૨

નૂતન ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સરદારની પ્રતિમાનો પ્રતિસ્થાપન કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ. ડો કે એસ લિખિયા, અતિથિ વિશેષ તરીકે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

દીપ પ્રાગટ્ય બાદ તમામ યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં સરદારની પ્રતિમાની પ્રતિસ્થાપન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. પ્રાર્થના, યુનિવર્સિટી ગીત બાદ કુલસચિવએ સૌને આવકાર્યા હતા. આસી. પ્રૉફેસર ડૉ. નિલેષભાઈ પંડ્યા દ્વારા અધ્યક્ષ અને અતિથિનો પરિચય આપવામાં આવ્યો હતો. અતિથિ વિશેષ ઈશ્વરભાઈ ભાવસારે પ્રસંગોચિત વક્તવ્યમાં સરદારના જીવન પ્રસંગો ટાંકી તેમના ઉમદા ગુણોનો ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રની એકતા અને અસ્મિતા માટે તેમણે તેમના જીવનની પ્રત્યેક ક્ષણ અર્પી દીધી હતી અને તેમને સાચી અંજલિ આપવાના આ પ્રયાસને બિરદાવ્યો હતો. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં કુલપતિએ જણાવ્યું હતું કે સરદારના જીવનમાંથી સાદગી, સંકલ્પબળ, મુત્સદ્દી સ્વભાવ, દૃઢ નિર્ણયક્ષમતા, પ્રામાણિકતા જેવાં જીવન મૂલ્યો ગ્રહણ સૌને કરવા અનુરોધ કર્યો હતો. 'સરદાર વ્યક્તિ કરતાં વિચારવિશેષ છે' એ વિચાર આજના વિદ્યાર્થીઓમાં ચરિતાર્થ થાય તેવી આશા સેવી હતી. આભારવિધિ બાદ વંદે માતરમ ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું. સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટી સ્ટાફ, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન આસી. પ્રૉફેસર ડૉ. રૂપમબેન ઉપાધ્યાય અને ડૉ. અશોકભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.









સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ દ્વારા 'અચિવર્સ બેસ્ટ ડ્રામેબાઝ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘોષણાથી માંડીને તમામ વ્યવસ્થામાં બાળકોએ મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. ધોરણ-૧થી ૯ના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ હાઉસની સ્પર્ધા સ્વરૂપે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓએ કાબિલેદાદ કૌશલનું પ્રદર્શન કર્યું હતું.

# ઍસ વી સ્કૂલમાં ક્રિસમસની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્રિસમસ'ની ઉજવણી થઈ ગઈ. બાળકો સાન્તા ક્લોઝના અને રેડ કલરના વસ્ત્રો પરિધાન કરી, ક્રિસમસ ટ્રી, સ્ટાર્સ,ચાર્ટ્સ, ચોકલેટસ વગેરે વસ્તુઓ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષકોએ ક્રિસમસ ટ્રી, સ્ટાર્સ,બલૂન્સ તથા અન્ય ચીજવસ્તુઓથી શાળાને અદભૂતરીતે શણગારી હતી. બાળકોએ 'જિંગલ બેલ'ના ગીત ઉપર મન મૂકીને ડાન્સ કર્યો હતો. શિક્ષકોએ બાળકોને ક્રિસમસ વિષે જાણકારી આપી,તેનું મહત્વ સમજાવ્યું હતું તથા શાળા પરિવાર તરફથી તમામ બાળકોને કેંડી સ્ટિક સ્ટિકર અને કપ કેક આપવામાં આવી હતી,જે મેળવીને બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા. આ ઉજવણીમાં વાલીઓએ પણ અદભૂત સહયોગ આપ્યો હતો, જેને માટે પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે વાલી મિત્રોનો આભાર માન્યો હતો.

# શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર પ્રવાસે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિકશાળાના ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે બે દિવસનો સૌરાષ્ટ્ર પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં શાળાના ૧૦૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા.


પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ સોમનાથ, તુલસી-શ્યામ, દીવ, જૂનાગઢ, ગિરનાર, કાગવડ ખોડલધામ, ચોટીલા વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. બે દિવસ વિદ્યાર્થીઓએ ભણતરનો ભાર ભૂલીને મુક્ત મને પ્રવાસની મજા માણી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૬૨મો મણકો ॥

આ સ્થિતિ હતી. પૂછવામાં આવે છે કે, ગાંધીજીએ શું કામ આ નિર્ણય વિરુદ્ધ ઉપવાસ ન કર્યા ? નોઆખલીના ઉપવાસ વખતે એમ બોલ્યા હતા કે મને અંદરથી પ્રેરણા થાય તો હું ઉપવાસ કરું છું. પણ અહીંયા તો એમણે એમ પણ કહ્યું હતું એકવાર હરિજનમાં, લેખ લખ્યો હતો, જેનું મથાળું હતું : મને સાંભળે છે કોણ ? વેદવ્યાસે કહ્યું હતું : હું ઊંચા હાથ કરીને કહું છું, પણ મને સાંભળે છે કોણ ? આ એમની વેદના હતી.

હું આ વિભાજનનો વિરોધ કરીશ ત્યારે મને એમ હતું દેશ મારી સાથે છે એટલે દેશ પણ એનો વિરોધ કરશે. પણ દેશના મુખ્ય માણસોએ આ વિભાજન પર સહી કરી અને તેથી દેશનો સાથ મને નથી એમ મને લાગે છે.



વિભાજનની તેમને ભારે પીડા હતી અને એમના અંતિમ કાળમાં તપસ્યા રૂપે પ્રગટ થઈ. પહેલી વાર આઝાદી પહેલાં - નોઆખલીમાં જેની આપણે વાત કરી. બીજી બે વાર સ્વરાજ પછી - એકવાર કલકત્તામાં અને બીજીવાર દિલ્હીમાં. એ બંનેવાર ઉપવાસ દ્વારા પ્રગટ થઈ.

એ બંને વાત આપણે પછી કરીએ, પણ એ પહેલાં એટલું સમજીએ કે જે દિવસોમાંથી એ પસાર થતા હતા એ તેમના માટે શારીરિક અને માનસિક રીતે પણ ઓછું પીડાદાયક નહોતું.

અને આ સ્થિતિમાં એમને વેદના એ હતી કે વેદના દિલ્હીમાં જેટલી જણાતી હતી એટલી જ વેદના એમને કરાંચીમાં પણ જણાતી હતી. અમૃતસરમાં જણાતી હતી એટલી જ લાહોરમાં પણ જણાતી હતી. અને તેથી જો ત્યાંથી પાછા આવી જતા હોય તો એને માટે તમે શું બાંહેધરી કરી શકો છો ? એને માટેના એમના પ્રયાસો હતા.

150 ગાંધીયાત્રા

વ્યક્તિગત રીતે એ માણસે પછી નક્કી કર્યું કે, મને વ્યક્તિગત રીતે હિન્દુસ્તાન અને પાકિસ્તાન એ મંજૂર નથી. અને તેથી હું અહીંથી (દિલ્હીથી) હવે લાહોર જઈશ.

ગાંધીજીની હત્યા જે દિવસે થઈ તે દિવસે સુશીલાબેન લાહોરમાં હતા. ગાંધીજીએ મોકલ્યા હતા, મારે ત્યાં જવું છે તેથી સ્થિતિ શું છે, તૈયારી કર. અને જહાંગીર પટેલને કરાંચી મોકલ્યા હતા કે તું ત્યાંની પરિસ્થિતિ જોજે. અને એક દિવસે ત્યાંથી મૃદુલાબેને તાર કર્યો કે અહીંના લોકોને જે કંઈ બધું થઈ રહ્યું છે તેને લીધે પીડા છે. તમારે વિશે આશા છે. તેથી તેમને એમ થયું હતું કે આશાનું એક કિરણ દેખાય છે વગેરે. પણ એમના મનમાં આ વેદનાના રાજનૈતિક કે ભૌગોલિક એવા ભાગલા નહોતા. કારણ કે એમનું હૈયું એ વિશ્વની પીડાને પોતાની પીડા માનતું હતું.

એક નિર્મળ હૃદયની બાળાએ - કદાચ વાતાવરણથી કલુષિત થઈને - પૂછ્યું : 'છેવટે ગાંધીજીને શું કામ માર્યા હશે ? કંઈક તો એમનો વાંક હશે ને ? વાંક વિના તે કોઈ મારતું હશે ?' મેં કહ્યું : હા બેટા. વાત તો તારી સાચી. ઈસુ ખ્રિસ્તનો કોઈક વાંક હતો એટલા જ માટે તો એમને શૂળીએ ચડાવવામાં આવ્યા હતા. સોક્રેટિસનો વાંક હતો એટલા જ માટે તો એમને ઝેર આપવામાં આવ્યું હતું ને ?

ગાંધીજીનો વાંક એ હતો કે, બાઈબલને વિશેની ભાષામાં જો કહું તો, ઈ ડાઈડ ફોર ધ સીન્સ ઓફ અધર્સ. બીજાના પાપને વાંકે મર્યા. હી ડાઈડ ફોર ધ સીન્સ ઓફ અવર્સ. આપણા પાપે એ મર્યા. વાંક હોય તો આપણા પાપનો વાંક.

જ્યારથી ક્ષિતિજ પર ભાગલાના વાદળાં દેખાવાં માંડ્યાં હતા ત્યારથી ગાંધીજીએ એનો વિરોધ તો કર્યો હતો, મેં જેનો ઉલ્લેખ હમણાં જ કર્યો તે નોઆખલીમાં પગપાળા યાત્રા કરીને કલકત્તા ને દિલ્હીમાં અનશન કરીને કારણ કે ત્યાં હુલ્લડો થઈ ચૂક્યા હતા. અને કલકત્તામાં જ્યારે ઉપવાસ શરૂ થયા ત્યારે અમીય ચક્રવર્તી કે જે ત્યાંના અધ્યાપક હતા રવિન્દ્રનથ ટાગોરના એક જમાનામાં સચિવ રહી ચૂક્યા છે. એમણે આનો ઉલ્લેખ કર્યો છે : યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની વચમાં હતા તેથી છોકરાઓનું માનસ સમજતાં લખે : છોકરાઓ મને પૂછે કે આ ગાંધી કેવા માણસ છે ? ઉપવાસથી કંઈ હુલ્લડ મટતાં હશે ? મેં તો એટલું જ કહ્યું કે જોતા રહો.

એક દિવસ, બીજો દિવસ ગયો. એકેક એકેક સડક પર માણસ હાથે ખેંચે એવી રાક્ષા ચાલતી. કે ટ્રામમાં, બસમાં બેઠેલા લોકો હોય. રીક્ષાવાળા ચલાવનારા એમ પૂછે, ગાંધીબાબાની તબિયત કેમ છે ? યુનિ.ના છોકરા અમીય બાબુને પૂછે, અમે શું કરી શકીએ ? આનાથી શું થાય એમ પૂછનારા આ પૂછી રહ્યા હતા : અમે શું કરી શકીએ ?

જાઓ જઈને એમને પૂછો. પૂછ્યું. ગાંધીજી : તમે જે કોમના છો તેનાથી બીજી કોમના લોકો વચ્ચે જાઓ.

દેશના એક પ્રખર નેતા રામમનોહર લોહિયાએ કહ્યું કે આ સ્થિતિમાં આપ મને શું સલાહ આપો છો ? તું તો કલકત્તા ઘણું રહી ચૂક્યો છે, બંગાળી પણ બોલે છે. મૂળ ઉત્તર પ્રદેશમાં ઉછરેલા રાજસ્થાનમાં જન્મેલા માણસ. તું એમ કર, તું મુસ્લિમ વિસ્તારમાં જા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ